જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૫/૨૦૧૭ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૯૩/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

(પ્રોહીબીશનના ગણના પાત્ર કેસ)

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના મ.સ.ઈ.યોગેંદ્રસિહ વિશલસિહ બ.નં.- ૭૧૪૭ તથા હે.કો.બાબુભાઈ અળખાભાઈ બ.નં.-૩૭૫૬ તથા પો.કો. વિક્રમસિંહ સુખદેવસિંહ બ.નં.-૬૨૧૯ તથા પો.કો. ઈમરાનખાન સિકંદરખાન બ.નં.-૪૫૪૫ તથા પો.કો. કિરપાલસિંહ અનવરસિંહ બ.ન.૮૮૨૧ તથા પો.કો.કપિલકુમાર કાંતિભાઈ બ.નં.-૯૮૯૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે સરદારનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મ.સ.ઈ.યોગેંદ્રસિહ વિશલસિહ બ.નં.- ૭૧૪૭ નાઓને સંતોષીનગરના નાકા પાસે આવતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે સંતોષીનગર માં રહેતો પ્રોહી બુટલેગર પ્રવિણ ઉર્ફે પલ્લી છારા નામનો ઈસમ પોતાની એક્ટીવા ઉપર કેટલોક ગે.કા.નો પરપ્રાંતનો ઈંગ્લીશ દારુ લઈ કુબેરનગર ઉમા સ્કુલથી આવી અત્રે થઈ સંતોષીનગરમાં જનાર છે જે બાતમી આધારે બે પંચોના માણસો સાથે વોચમાં રહેલ દરમ્યાન થોડા સમય પછી એક કાળા કલરનું એક્ટીવા લઈ સદરી ઈસમ સામેથી આવતો જણાતા એકદમ રોકવાનો પ્રયાસ કરતાં સદરી ઈસમ એક્ટીવાને વાંકી ચુંકી ચલાવી છોડી ભાગવા લાગેલ. અને અંધારા તથા ગલી ખાંચાનો લાભ લઈ દોડીને સંતોષીનગર ની ગલીઓમાં નાસી ગયેલ જેનો પોલીસ સ્ટાફે પીછો કરતા પકડાયેલ નહિ. બાદ જગ્યા પર પરત આવી જોતાં સદરી <u>એક્ટીવાનો આર.ટી.ઓ નંબર આગળ-પાછળ GJ-01-LY-1583</u> નો વંચાય છે. તથા સદરી એકટીવા પર જોતા ખાખી જેવા ૬ પુંઠાની પેટીઓમાં પરપ્રાંતનો **<u>ઈંગ્લીશ બીયરના નંગ ૧૪૪ ની કુલ્લે કિં.રૂ.૧૮,૦૦૦/- ગણી તથા એક્ટીવાની મળી કુલ્લે રૂ.૪૩,૦૦૦/-નો</u>** મુદ્દામાલ પંચનામા વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ છે **<u>નાશી ગયેલપ્રવિણ ઉર્ફે પલ્લી છારા રહે.સંતોષીનગર ના છાપરાં કુબેરનગર અમદાવાદ</u>** નાઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :</u>**

## છેલ્લા બે વર્ષથી રાયોટીંગના ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતો શહેરકોટડા વ્હીકલ સ્કોર્ડ

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી પિયુષ પટેલ સાહેબ શ્રીની સુચનાથી ઇ.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ ઉષા રાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઇ સાહેબ ના માર્ગદર્શન મુજબ ઇ.પોલીસ ઇન્સપેકટર શ્રી એમ.ડી.ઉપાધ્યાય સાહેબની સુચનાથી પો.સ.ઇ. જે.એ.બારોટ તથા સાથેના વ્હીકલ સ્કોર્ડના માણસો સાથે અમદાવાદ શહેરના નાસતા ફરતા/પાસા વોન્ટેડ આરોપી પકડવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન સરસપુર ચાર રસ્તા પાસેથી શહેરકોટડા પોલીસ સ્ટેશનના રાયોટીંગના ગુનામા છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી નામે પ્રકાશભાઇ ઉર્ફે લાલભાઇ સ/ઓ જયંતીભાઇ ગજ્જર રહે ઘર નં-૧૦૫ ક્રિષ્ણા ફલેટ મોટી સાળવીવાડ સરસપુર અમદાવાદ હાલ રહે. એ/૩૦૧ નિશાંત સ્ટેટશ જી.એસ.ટી. ક્રોસીંગ પાસે ન્યુ રાણીપ અમદાવાદ શહેરનાને આજરોજ તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજ કલાક ૧૨/૪૫ વાગે મળી આવતા શહેરકોટડા પો.સ્ટે. ના ફસ્ટ ગુ.ર.નં.-૧૭૭/૧૫ ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩, ૭ મુજબ અટક કરેલ હોય.

સદરી આરોપીની વધુમા પુછપરછ કરતા ગઇ તા.૨૫/૮/૨૦૧૫ ના રોજ રાત્રીના કલાક ૨૧/૩૦ વાગ્યાના સુમારે ગેરકાયદેસર મંડળી રચી આશરે પાંચસો માણસોના ટોળાએ સરસપુર ચાર રસ્તા ખાતે આવી પોલીસ વિરુધ્ધમા સુત્રોચાર કરતા હતા અને પોલીસ ઉપર પથ્થરમારો કરી અને સરસપુર ચોકીનુ બોર્ડ, એલસીડી કોમ્પ્યુટર, ખુરશી ટેબલ, બાકડા, રજીસ્ટરોને આગ લગાડીને ચોકીને નુકશાન કરેલ અને શહેરકોટડા વન ગાડીનો કાચ પણ તોડી નાંખી તેમજ પોલીસના બીજા વાહનોને પથ્થર મારી તેમજ અન્ય સાધનોથી નુકશાન પહોંચાડેલ હતુ જેની શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.૧૭૭/૧૫ ધી ઇ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ કલમ ૩. ૭ થી ફરીયાદ દાખલ થતા ઉપરોકત આરોપી નાસતા ફરતા હોય જેને ખાનગી બાતમી આધારે આજરોજ પકડી આગળની કાર્યવાહી પો.સબ.ઇન્સ જે.એ.બારોટ નાઓએ હાથ ધરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે કરેલ જુગારનો કવોલીટી કેસ**

**પ્રેસ નોટ**

મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન ૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી આઇ ડિવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી સુચનાઓ આપવામાં આવેલ કે પોલીસ સ્ટેશન વિસ્તાર માં દારૂ/જુગાર ની પ્રવુતી અંગે ડ્રાઇવ રાખી પેટ્રોલીંગ કરી અસરકારક કામગીરી કરવી જે ઉપરી અધિકારીશ્રીઓની સુચના આધારે અમો તથા સર્વેલન્સ સ્કોર્ડ ના એ.એસ.આઇ. રતીલાલ કરશનભાઇ બ.નં.૭૩૭૭ તથા અન્ય સ્ટાફ ના માણસો સાથે પો સ્ટે વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા દરમ્યાન તા.૦૯/૫/૧૭ ના કલાક ૨૩/૩૫ વાગે બાતમી રાહે હકીકત મળેલ કે - બ્લોક નં.એલ./૩૪/૧૦૩ જય મહાલક્ષ્મીનગર જોગમાયાનગર અમરાઇવાડી જ્યા આરોપીઓ સટ્ટા બેટીંગના આક ફરકનો જુગાર રમી રમાડે છે. જે બાતમી આધારે સદરી જગ્યાએ રેઇડ કરી આરોપીઓ (૧) કમલેશ રમેશભાઇ પાટીલ (મરાઠી) ઉ.વ.૩૧ રહે મ.નં.એમ./૪૦૭ આકૃતી ટાઉનશીપ નારોલ અમદાવાદ શહેર (૨) જયસીંગ ભભુતીસીંગ ભદોરીયા ઉ.વ.૩૨ રહે રાવજીપટેલ ની ચાલી સત્યનારાયણનગર અમરાઇવાડી અમદાવાદ (૩) તરૂણ ઉર્ફે રીન્કુ મદનભાઇ અગ્રવાલ ઉ.વ.૨૪ રહે મ.નં.૨૩/૭૪૩ ગીતાનગર જનતાનગર અમરાઇવાડી અમદાવાદ શહેર (૪) દેવેન્દ્ર ઉર્ફે દેવ દિલીપસીંગ રાજપુત ઉ.વ.૨૪ રહે મ.નં.૨૬ માધવલાલ કુંભારની ચાલી ન્યુ કોટન અમરાઇવાડી અમદાવાદ શહેર (૫) રામજીત શિવપ્રસાદ યાદવ ઉ.વ.૨૬ રહે મ.નં.ડી/૧૦/૧૦૩ ન્યુ મહાલક્ષ્મીનગર સ્વસ્તીક ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર નાઓને નાણા રૂ.૯૪૫૦/- તથા મો ફોન નંગ-૭ કિ.રૂ.૧૬૦૦૦/- તથા વાહન કુલ-૨ કિ.રૂ.૬૫૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૯૦૪૫૦/- ના મુદ્દામાલ મળી આવેલ હોય અમરાઇવાડી પો.સ્ટેશન સેકન્ડ ગુ.ર.ન. ૩૦૫૩/૧૭ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરી આગળની કાર્યવાહિ હાથ ધરેલ છે .તા.૧૦/૦૫/૧૭

**સુરક્ષા સેતુ રથ :**

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.








Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

 

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)